विधानसभा

गुजरात

**રમેશભાઈ એન. મિસ્ત્રી**

**ધારાસભ્ય - ૧૫૩ ભરૂચ વિધાનસભા**

૪૧, ધર્મનગર સોસાયટી, પ્રાર્થના વિદ્યાલય પાસે,
મુ. પો. ભોલાવ - ૩૯૨૦૦૧, તા. જી. ભરૂચ, ગુજરાત.
E-Mail : rameshmistry.miabharuch@gmail.com

રેફરન્સઃ એમ.એલ.એ. -૧૫૩ ભરૂચ/ ૦૪૨-૨૦૨૩ તારીખ-૨૭/૧/૨૦૨૩

## શુભેચ્છા સંદેશ

શ્રી નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ, ભરૂચ દ્વારા સંચાલિત નારાયણ વિદ્યાલય – ભરૂચ શહેર તથા આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ઘણા વર્ષોથી એક પ્રતિષ્ઠા ધરાવતું માધ્યમિક, વિજ્ઞાન તથા સામાન્ય પ્રવાહનું શૈક્ષણિક આ સ્થાન છે. નારાયણ વિદ્યાલય દ્વારા વિવિધ શૈક્ષણિક પ્રવૃતિઓનો સતત પ્રવાહ વહેતો રાખી વિદ્યાર્થીઓની સિધ્ધી ઓને બિરદાવતો, શિક્ષકો અને વાલીઓને પ્રોત્સાહિત કરતો અને સમાજમાં હંમેશા પ્રેરણા મળતી રહે તેવા વિદ્યાલય દ્વારા યોજયેલ વિવિધ નવતર શૈક્ષણિક પ્રયોગો,શિક્ષકોના જ્ઞાનસત્રો, પ્રોજેક્ટ પ્રદર્શનો,સાંસ્કૃતિક પ્રવૃતિઓ, સહ અભ્યાસની પ્રવૃતિઓને સમાવિષ્ટ કરતો **"નારાયણ ધ્વની"** નામનો ગુજરાતી માધ્યમનો 30મો અંક તથા અંગ્રેજી માધ્યમનો ૬/૩૧ મો અંક પ્રગટ કરવામાં આવી રહયો છે તે જાણી ખુબ આનંદ અને ગર્વની લાગણી અનુભવું છું.

આ "નારાયણ ધ્વની" ના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના બંને અંકો જયારે પ્રગટ થઇ રહ્યા છે ત્યારે આ ભગીરથ કાર્યમાં સહભાગી વિદ્યાલયના વિદ્યાર્થી ભાઇ – બહેનો, શિક્ષક ગણ, આચાર્યશ્રીઓ તથા શાળા સંચાલક મંડળના દરેક સતત આવી પ્રવૃતિઓને વેગ આપવા માટે કોટિ કોટિ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું.

આપનો,

આભાર સહ..

Ramesh N. Mistry
રમેશભાઈ એન. મિસ્ત્રી
ધારાસભ્ય - ૧૫૩ ભરૂચ

રમેશ એન. મિસ્ત્રી ધારાસભ્ય ૧૫૩ - ભરૂચ વિધાનસભા

**પ્રતિ ,**
**માનનીય આચાર્યશ્રી (ઇન્ચાર્જ)**
**નારાયણ વિદ્યાલય, ભરૂચ.**

---

## અભિનંદન પત્ર

**શ્રી રણછોડભાઇ શાહ**
મેનેજીંગ ટ્રસ્ટી,
એમિટી શૈક્ષણિક સંકુલ, ભરૂચ

સ્નેહી ડૉ. ભગુભાઇ, પ્રિ. બીનીતાબેન ગોહિલ, પ્રિ. વિદ્યાબેન તથા નારાયણ વિદ્યાલય, ભરૂચ પરિવાર ... આપના દ્વારા આયોજિત જ્ઞાનોત્સવ પ્રદર્શનની મુલાકાત લેતાં અત્યંત આનંદની અનુભૂતિ થઇ. પ્રદર્શનના વિષયોનું વૈવિધ્ય આંખને અડીને વળગે તેવું છે. શાળાકીય વિષયો ગણિત, વિજ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ વગેરે તો હતાં જ પરંતુ સાથે સાથે ઉચ્ચ અભ્યાસક્રમ સમાવિષ્ટ મનોવિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર, સમાજશાસ્ત્ર જેવા વિષયો પણ હતાં. વાલી અને વિદ્યાર્થીઓને સીધા સ્પર્શતા પ્રશ્નોના ઉકેલની પણ રજૂઆત કાબિલેદાદ હતી. વિદ્યાર્થીઓએ આપેલી તલસ્પર્શી માહિતી અને નિર્ભિક રજૂઆત બદલ તેમને હાર્દિક અભિંદનઅને તેમને તૈયાર કરનાર નિષ્ઠાવાન અને મહેનતુ સારસ્વતોને ખોબલે ખોબલે અભિનંદન...

આપના જ્ઞાન અને વિશાળ અનુભવનો લાભ આપવામાં આપ પાછું વળીને જોતા નથી. આપની રાત-દિવસની મહેનત અને સતત માર્ગદર્શન સ્પષ્ટ નજરે પડે છે એટલે આપને પણ અભિનંદન અને ધન્યવાદ..
આમંત્રણ પાઠવવા બદલ આભાર...

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

## હોસ્ટેલ ગ્રાઉન્ડ, સેવાશ્રમ સામે, ભરૂચ.

**Email : bharuchdeo@gmail.com**

**Dt. 7-1-2023**


કે.એફ.વસાવા

## શુભેચ્છા સંદેશ

પ્રતિ,
**ડૉ.ભગુભાઇ આઇ. પ્રજાપતિ**
ડાયરેકટર અને આચાર્યશ્રી,
"નારાયણ વિદ્યાલય"
નોન ગ્રાન્ટેડ વિભાગ, ભરૂચ.

ભૃગુઋષિની પવિત્ર ધરા પર પરમ શ્રધ્યેય બ્રહ્મલીન પૂજય સંતશ્રી નારાયણ બાપુના શુભાશિષ પ્રાપ્ત "નારાયણ વિદ્યાલય" ભરૂચ જિલ્લામાં શિક્ષણક્ષેત્રે શ્રેષ્ઠ કામ કરી હરી છે. પૂર્વ પ્રાથમિકથી લઇ ઉચ્ચત્તર માપયમિક વિભાગમાં વિદ્યાર્થીઓની વૈવિધ્યસભર આંતરિક અને બાહ્ય પ્રવૃત્તિઓ દ્વારા ભરૂચના શિક્ષણક્ષેત્રમાં સર્વોત્તમ યોગદાન આપી વિકાસના પંથે પગરણ માંડી ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે.

વર્ષ દરમિયાન શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા શાળામાં યોજાયેલ વિવિધ પ્રયોગો, શિક્ષકોનું જ્ઞાનસત્ર, પ્રોજેકટ પ્રદર્શન, સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ તેમજ વિદ્યાર્થીઓની સિધ્ધિઓને બિરદાવતો, શિક્ષકો અને વાલીઓને પ્રોત્સાહન આપતો, સમાજમાં પ્રેરણા પ્રસારતો જ્ઞાનસભર શૈક્ષણિક અંક **નારાયણ ધ્વનિ** પ્રકાશિત થઇ રહ્યો છે, જે કાર્ય સરાહનીય છે જે બદલ સૌ શાળા પરિવારને હ્યદય પૂર્વકની શુભેચ્છા પાઠવું છું. ચાલુ સત્રમાં ગુજરાતી માધ્યમનો ૩૦ મો અંક તેમજ અંગ્રેજી માધ્યમનો છઠ્ઠો અંક પ્રગટ કરવા જઇ રહી છે જેનું વિષય વસ્તુ વાચક વર્ગને પ્રેરણાદાયી અને ઉપયોગી બને એવી શુભેચ્છા....




**Dear**
**Dr. Bhagubhai Prajapati**
**Narayan Vidyalay Parivar**

**Prakash Mehta**
**Amity School, Bahruch**
**Date : 5/1/2023**

It was indeed a pleasurable experience to visit Gyanotsav at your school. Each and Every presentation was power packed and participants were enjoying their work through different modes of presentation.

All sections are directly associated with school education but beyond four walls of class rooms. Students are very lucky to get a chance of demonstrating their favorite subjects through working models, exhibitions and performing arts. The hard work of educators was eye-catching. Their willingness and enthusiasm towards the assigned duty was remarkable.

Our heartiest congratulations to you and Team Narayan Vidyalay Parivar.